**GJBK100017702023**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૧/૧૧/૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૧/૧૧/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૨ – ૦૪ – ૦૬ |

**દાંતાના મહેરબાન એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, દાંતા (જી. બનાસકાંઠા)**

**ફોજદારી કેસ નં. ૧૪૨૪/૨૦૨૩**

**આંક – ૪૩**

| | |
|---|---|
| **ફરીયાદી** | **સરકારશ્રી (મુળ ફરીયાદી – ફાંગણાભાઇ કાન્તીભાઇ ગમાર )** |

**––વિરૂઘ્ઘ––**

| | |
|---|---|
| **આરોપીઓ** | **૧. જીગરભાઇ ઉર્ફે હિતેષભાઇ સકાભાઇ પારઘી,<br>૨. દિનેશભાઇ નાણાભાઇ ઉર્ફે નાનાભાઇ પારઘી,<br>બન્ને પુખ્તવયના, બન્ને રહે. ખંઢોર ઉબરી, તા.દાંતા, જિ. બનાસકાંઠા.** |

| | |
|---|---|
| **ગુન્હો** | **ઇ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧ મુજબ** |

| | |
|---|---|
| **સરકારપક્ષે** | વિ. સરકારી વકીલશ્રી વી. એન. પરમાર |
| **બચાવપક્ષે** | આરોપી તરફે વિ.વકીલશ્રી એ. એસ. ઉમતીયા |

**:–: ઠરાવ :–:**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી જીગરભાઇ સકાભાઇ પારઘીએ મો.સા. નં. જીજે–૩૧–કે– ૧૦૯૮ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અશ્વિનભાઇ મનુભાઇ ગમારને ટકકર મારી એકસીડન્ટ કરી સ્થળ ઉપર મોત નિપજાવી મોટર સાયકલ લઇ નાસી જઇ તથા બીજા આરોપી દિનેશભાઇ નાનાભાઇ પારઘીએ મો. સા. નં. જીજે–૨૨–જે– ૮૩૩૫ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી નિકુંજભાઇ ફાંગણાભાઇ ગમારને ટકકર મારી એકસીડન્ટ કરી સ્થળ ઉપર મોત નિપજાવી મોટર સાયકલ સ્થળ ઉપર મુકી નાશી જઇ ઇ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરતાં તે બદલની ફરીયાદ પો.સ્ટે. ખાતે નોંધાયેલ છે.

(૨) આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં હાજર થયેલ અને આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો તથા ચાર્જશીટ કે જેના પર ફરીયાદપક્ષે તેમના કેસનો આધાર રાખેલ છે તે આપવામાં આવેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧ મુજબના ગુન્હા સબબ આંક–૩ અને ૪ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં, આરોપીઓએ પોતાની સામેના ગુન્હાનો ઇન્કાર કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવા સારુ ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ રાખેલ છે.

| ક્રમ | સાહેદ | નામ | આંક |
|---|---|---|---|
| ૧ | પંચસાહેદ | દલાભાઇ કાળાભાઇ ગમારની જુબાની | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૨ | પંચસાહેદ | ગુજરાભાઇ ધુળાભાઇ ગમારની જુબાની | ૦૭ |
| ૩ | ફરીયાદી | ફાંગણાભાઇ કાન્તીભાઇ ગમારની જુબાની | ૦૮ |
| ૪ | સાહેદ | મનુભાઇ કાન્તીભાઇ ગમારની જુબાની | ૧૦ |
| ૫ | સાહેદ | નાનજીભાઇ કાન્તીભાઇ બેગડીયાની જુબાની | ૧૧ |
| ૬ | સાહેદ | કાન્તીભાઇ જીવાભાઇ ગમારની જુબાની | ૧૮ |
| ૭ | સાહેદ | કિરણભાઇ સંગ્રામભાઇ ડાભીની જુબાની | ૧૯ |
| ૮ | સાહેદ | કાળુભાઇ પ્રતાપભાઇ પારઘીની જુબાની | ૨૦ |
| ૯ | સાહેદ | જીતુભાઇ રતાભાઇ દામાની જુબાની | ૨૧ |
| ૧૦ | ત.ક.અ. | વિઠ્ઠલભાઇ રાઘવભાઇ મકવાણાની જુબાની | ૨૨ |

**(૩.એ)** આરોપી તરફે આરોપી હિતેષભાઇ ચકાભાઇ પારઘીએ આંક– ૩૪ થી જુબાની આપેલ છે, જયારે તેઓએ આ કામે આંક– ૨૯ થી મો.સા. નં. જીજે–૦૮– સીકયુ– ૧૮૦૫ની આર.સી.બુકની નકલ તથા આંક– ૩૦ થી આરોપી હિતેશભાઇના ડ્રાઇવીંગ લાયસન્સની નકલ તથા આંક– ૩૧ થી મો.સા. નં. જીજે–૦૮– સીકયુ– ૧૮૦૫ની વીમા પોલીસીની નકલ તથા આંક– ૩૨ થી જીજે–૦૮– સીકયુ– ૧૮૦૫ના ખરીદી અંગેના બીલની નકલ રજુ છે.

(૪) ફરીયાદપક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

| | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૦૬ |
| ૨ | ફરીયાદીની ફરીયાદ | ૦૯ |
| ૩ | મરણજનાર અશ્વિનભાઇ મનુભાઇનુ મરણોત્તર પંચનામુ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૪ | મરણજનાર નિકુંજભાઈ ફાંગણાભાઈનુ મરણોત્તર પંચનામુ | ૧૪ |
| ૫ | શબ પરીક્ષણ યાદી | ૧૫,૧૬ |
| ૬ | અકસ્માતવાળા મો.સા.નો એકસીડન્ટ રીપોર્ટ | ૨૩, ૨૪ |
| ૭ | મો.સા. નં. જીજે–૨૨–જે–૮૩૩૫ નુ વેચાણખત | ૩૫ |

(૫) આ કામે આરોપીઓનુ ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોઇ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓએ તેમની સામેની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે, જયારે આરોપી નં.૧ નાઓએ સોગંદ ઉપર તેઓ જુબાની આપવા માંગે છે તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગે છે તેમ જણાવેલ છે અને તેઓએ આંક– ૩૪ થી તેમની જુબાની આપેલ છે અને ડ્રાઈવીંગ લાઈસન્સ વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મૃદાઓ ઉપસ્થિત થાય છે.

૧ શું ફરીયાદપક્ષ :ન:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી જીગરભાઈ સકાભાઈ પારધીએ મો.સા. નં. જીજે–૩૧–કે– ૧૦૯૮ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અશ્વિનભાઈ મનુભાઈ ગમારને ટકકર મારી એકસીડન્ટ કરી સ્થળ ઉપર મોત નિપજાવી મોટર સાયકલ લઈ નાસી જઈ તથા બીજા આરોપી દિનેશભાઈ નાનાભાઈ પારધીએ મો. સા. નં. જીજે–૨૨–જે– ૮૩૩૫ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી નિકુંજભાઈ ફાંગણાભાઈ ગમારને ટકકર

મારી એકસીડન્ટ કરી સ્થળ ઉપર મોત નિપજાવી મોટર સાયકલ સ્થળ ઉપર મુકી નાશી જઇ ઇ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨ શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) **હકારમાં**

મુદ્દા નં. (૨) **આખરી હુકમ મુજબ**

**(૮)** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**:–: કારણો :–:**

**<u>મુદ્દા નં. ૧ અને ૨</u> : –**

**(૮.૧)** ફરીયાદપક્ષે આ કામે આંક – ૫ થી પંચસાહેદ દલાભાઇ કાળાભાઇ ગમારને તપાસવામાં આવેલ છે. તેઓ આંક– ૬ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ છે. તેઓએ પંચનામુ કર્યુ ત્યારે સ્થળ પર ફાંગણાભાઇના દિકરા ભોળાભાઇ અને મનુભાઇના દિકરાને મૃત હાલતમાં જોયેલા. તેમને માથાના ભાગે ઇજા થયેલી હતી.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે પોલીસે લખેલા તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલી.

**(૮.૨)** ફરીયાદપક્ષે આ કામે આંક– ૭ થી પંચસાહેદ ગુજરાભાઇ ધુળાભાઇ ગમારને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૬ વાળા પંચનામાના પંચ સાહેદ છે. તેમને કોઇ જગ્યા બતાવવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેઓને પો.સ્ટે.માં બોલાવીને તેમના અંગુઠાનુ નિશાન લીધેલ. તેઓ પંચનામામાં સહી કર્યા સિવાય બીજુ કંઇ જાણતા નથી.

**(૮.૩)** ફરીયાદપક્ષે આ કામે આંક– ૮ થી ફરીયાદી ફાંગણાભાઇ

કાન્તીભાઇ ગમારને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી એકાદ વર્ષ પહેલા તેમના દિકરા નિકુંજનો અકસ્માત ઉણોદ્રા ગામ પાસે થયેલો. બનાવ સમયે તેઓ ઉનોદ્રા ગામમાં તેઓના ખેતરના છાપરામાં હતા. તેઓના કાકા સસરા કિરણભાઇએ બુમાબુમ કરતા તેઓને અકસ્માતની જાણ થયેલી. સમાચાર મળતા તેઓ તરત જ અકસ્માત સ્થળે ગયેલ. સ્થળ પર તેમના દિકરાની લાશ જોયેલી, ત્યાં સ્થળ ઉપર તેઓના ભાઇ મનુભાઇના દિકરા અશ્વિનની પણ લાશ જોયેલી. આ અકસ્માત બાબતે તેઓએ ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક– ૯ થી રજુ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખી છે કે બનાવ અંગેની તેઓને કોઇ જાતમાહિતી નથી.

આમ, આ સાહેદની જુબાની જોતાં તેઓએ અકસ્માતનો બનાવ નજરોનજર જોયેલ નથી. પરંતુ તેઓના કાકાસસરા કિરણભાઇએ બુમાબુમ કરતા તેઓને અકસ્માતની જાણ થયેલ હોવાનુ જણાઇ આવે છે.

(૮.૪) ફરીયાદપક્ષે આ કામે આંક– ૧૦ થી સાહેદ મનુભાઇ કાન્તીભાઇ ગમારને તપાસવામાં આવેલ છે. તેમની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે, દોઢેક વર્ષ પહેલા તેમના દિકરા અશ્વિનનો અકસ્માત નવાવાસકાંટ પાસે થયેલો. બનાવ સમયે તેઓ ભાંખરામાં ચાર લેવા ગયેલા હતા. તેમના કાકાસસરા કિરણભાઇએ તેમને અકસ્માતની જાણ કરેલી અને સમાચાર મળતા તેઓ તરત જ અકસ્માત સ્થળે ગયેલ. સ્થળ પર જઇને તેઓએ ફાંગણાભાઇના દિકરા નિકુંજની અને તેમના દિકરા અશ્વિનની લાશ જોયેલ. અકસ્માત અન્વયે તેઓ બીજુ કંઇ જાણતા નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે બનાવ અંગેની તેઓને કોઇ જાત માહિતી નથી.

આમ આ સાહેદની જુબાની જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ અકસ્માતની જાણ તેઓને તેમના કાકા સસરા કિરણભાઇએ કરતા તેઓ તરત જ બનાવ સ્થળે પહોંચેલા જયાં તેઓએ ફાંગણાભાઇના દિકરા નિકુંજ અને તેમના દિકરા અશ્વિનની લાશો જોયેલી, જેઓનુ મૃત્યુ આ

અકસ્માતના કારણે થયેલ.

(૮.૫) ફરીયાદપક્ષે આ કામે આંક– ૧૧ થી નાનજીભાઇ કાન્તીભાઇ બેગડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે આજથી દોઢેક વર્ષ પહેલા બપોરના ૧.૩૦ વાગે રૂપપુરા અને નવાવાસકાંટ બે ગામની વચ્ચે અકસ્માતનો બનાવ બનેલો. અકસ્માત સમયે તેઓ સ્થળ ઉપર હાજર હતા. ત્રણ મોટર સાયકલના ચાલકો હરીફાઇ કરીને હડાદથી સનાલી તરફ જતા હતા. આ મોટર સાયકલ જીગરભાઇ સકાભાઇ, બીજુ મોટર સાયકલ દિનેશભાઇ નાણાભાઇ ચલાવતા હતા અને ત્રીજા મોટર સાયકલના ચાલકનુ નામ તેમને યાદ નથી.

જીગરભાઇનુ મોટરસાયકલ આગળ ચાલતુ હતુ તેને રસ્તા ઉપર ચાલતા એક નિકુંજભાઇ નામના છોકરાને અડફેટમાં લીધેલ, ત્યારબાદ જીગરભાઇના મોટર સાયકલનુ બેલેન્સ બગડતા રસ્તા ઉપર ચાલતા બીજા એક મનુભાઇના દિકરાને અડફેટમાં લીધેલ. બીજા એક મોટર સાયકલના ચાલક દિનેશભાઇએ પણ મનુભાઇના છોકરાને ટકકર મારી દિધેલ. અકસ્માત થતાં અકસ્માત કરનાર જીગરભાઇ અને બીજા એક ભાઇ પડી ગયેલ. જે બન્નેને તેઓએ વાડમાંથી બહાર કાઢેલ. **અકસ્માત કરનાર બન્ને મોટર સાયકલની ઝડપ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકથી પણ વધારે હતી**. આ અકસ્માતનો બનાવ તેઓએ તેમની નજરે જોયેલો. અકસ્માત સમયે તેઓએ મોટર સાયકલના નંબર જોયેલ પણ તેઓને યાદ નથી. અકસ્માત સમયે મોટર સાયકલ ઉપર જીગરભાઇની પાછળ દામા નામની અટકવાળા ભાઇ બેઠા હતા તેમજ અકસ્માતના સમયે બીજા મોટર સાયકલ ઉપર દિનેશભાઇની પાછળ કોણ બેઠેલ હતુ તે તેમને યાદ નથી. અકસ્માત પછી અકસ્માત કરનાર જીગરભાઇ ભાગી ગયેલ અને દિનેશભાઇને તેઓના કાકા સસરા કિરણભાઇ ડાભીએ પકડી રાખેલા. **ઈજા પામનાર બન્ને છોકરરાઓનુ સ્થળ ઉપર જ અવસાન થયેલુ.** બન્ને આરોપીઓ કોર્ટમાં હાજર હોઇ આરોપીઓને ઓળખી બતાવેલ છે. આ અકસ્માત આરોપીઓ ધ્વારા રસ્તા ઉપર મોટર સાયકલની હરીફાઇ કરવાના કારણે થયેલ.

આરોપીઓ તરફેની ઉલટતપાસમાં આ સાહેદે બનાવ નજરે

જોયેલ નથી તેમજ બનાવ સ્થળે હાજર ન હતા તનો ઈન્કાર કરેલ છે. તેમજ બનાવના અરસામાં તેઓ ઘરે હતા તે હકીકતનો પણ ઈન્કાર કરેલ છે. ત્રણ મોટર સાયકલના નંબર તેઓએ તેમના નિવેદનમાં લખાવેલ તે નંબરો આજરોજ તેઓ લખાવી શકે તેમ નથી તે તેમને હાલ યાદ નથી તેમ જણાવેલ છે. તેમને જીગર અને દિનેશને નામજોગ ઓળખતા નથી તેઓ ઈન્કાર કરેલ છે. દામા નામની અટકવાળી વ્યકિતને પકડી પાડેલો તેવુ તેમના પોલીસ રુબરુના જવાબમાં લખાવેલ નથી તેઓ તેમની સ્વીકાર કરેલ છે. ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકથી વધારે ઝડપ હતી તેવુ તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ તેમજ જીગરભાઈના મોટર સાયકલનુ બેલેન્સ બગડતા રસ્તા ઉપર ચાલતા બીજા એક મનુભાઈના દિકરાને અડફેટમાં લઈ લીધેલ તેવુ લખાવેલ નથી અને બીજા એક મો.સા. ચાલક દિનેશભાઈએ મનુભાઈના દિકરાને ટકકર મારી દિધેલ તેવુ પણ લખાવેલ નથી તે હીકકત તેઓએ કબુલ રાખેલ છે. બન્ને છોકરા મસ્તી કરતા દોડતા રોડ ઉપર આવી જતા જે બાઈકે ટકકર મારેલી તે બાઈક ત્યાં પડી ગયેલ તેઓ તેમને ઈન્કાર કરેલ છે. સદરહુ અકસ્માત ૮૩૩૫ નંબરવાળા થયેલ છે તેનો તેઓએ સ્વીકાર કરેલ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે બે અલગ અલગ બાઈકથી અકસ્માત થયેલ છે.

આમ, આ સાહેદની જુબાની જોતાં તેઓ નજરે જોનાર સાહેદ છે. તેઓએ આરોપી જીગરભાઈ અને આરોપી દિનેશભાઈએ વધુ ઝડપે વાહન ચલાવવાના કારણે અકસ્માત કરીને બે બાળકોના મૃત્યુ નિપજાવેલ તેમ તેમની જુબાનીમાં જણાવેલ છે. તેઓની જુબાનીમાં ઝડપ અને હરીફાઈ બાબતે થતુ કોન્ટ્રાડીકશન આવે છે પરંતુ તે લક્ષ્યમાં લઈ શકાય નહી કારણ કે આરોપીઓના બેદરકારીભર્યા ડ્રાઈવીંગના કારણે જ બે બાળ સાહેદોના મૃત્યુ થયેલ છે.

**(૮.૬)** ફરીયાદપક્ષે આ કામે આંક– ૧૮ થી સાહેદ કાન્તીભાઈ જીવાભાઈ ગમારને તપાસવામાં આવેલ છે. તેઓએ બનાવ નજરે જોયેલ ન હતો. બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર ન હતા.

**(૮.૭)** ફરીયાદપક્ષે આ કામે આંક– ૧૯ થી સાહેદ કિરણભાઈ

સંગ્રામભાઈ ડાભીને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે બેએક વર્ષ પહેલા બપોરના એક થી દોઢ વાગ્યાની આસપાસ નવાવાસકાંટ પાસે ઉણોદ્રા ગામ પાસે બનાવ બનેલો. તે દિવસે તેઓ તેમની ભત્રીજી હીરાબેનનાન ઘરે જવા નિકળેલા તે વખતે જયાં અકસ્માતનો બનાવ બનેલો તે જગ્યાએ તેઓ ઉભેલા હતા તે વખતે પલ્સર નામના બે મોટર સાયકલ ઉપર બેસીને દિનેશભાઈ નાનાભાઈ અને જીગરભાઈ સકાભાઈ બન્ને જણા પુરઝડપે રોડ ઉપર મોજમજા કરતા હડાદથી દાંતાના રોડ ઉપર જતા હતા જે મોટર સાયકલ દિનેશભાઈ નાનાભાઈ ચલાવતા હતા તે મોટર સાયકલની પાછળ એક બીજા ભાઈ બેઠા હતા તેમના નામની તેઓને ખબર નથી. જે મો.સા. જીગરભાઈ ચકાભાઈ ચલાવતા હતા તે મો.સા.ની પાછળ એક બીજા ભાઈ બેઠા હતા તેમનુ નામ જીતુભાઈ દામા જેવુ છે. દિનેશભાઈ નાનાભાઈ જે મો.સા. ચલાવતા હતા તેના નંબર– જીજે–૩૧–કે– ૧૦૯૮ હતો અને જીગરભાઈ ચકાભાઈ ચલાવતા હતા તેના નં. જીજે–૨૨– જે– ૮૩૩૫ હતા.બનાવના સમયે બન્ને મો.સા. ના ચાલકો રસ્તા ઉપર સર્પાકારે મોટર સાયકલ ચલાવતા હતા જેથી બન્ને મો.સા.એકબીજાને ટકરાઈ ગયેલ અને તેના કારણે રસ્તાની સાઈડમાં ચાલતા બે છોકરાઓને ટકકર વાગી ગયેલ આ બે છોકરાઓમાં એક તેઓની બેનનો દિકરો અને બીજો તેમના ગામનો હતો. આ બન્ને છોકરાઓનુ સ્થળ ઉપર જ અવસાન થઈ ગયેલ છે. અકસ્માત થતાં મો.સા. નં. જીજે–૨૨– જે– ૮૩૩૫ રસ્તા ઉપર પડી ગયેલુ અને તેના ઉપર જીગરભાઈ ચકાભાઈ અને દામા નામની વ્યકિત રસ્તાની બાજુની વાડમાં ઘુસી ગયેલા તેમજ મોટર સાયકલ નં. જીજે–૩૧– કે– ૧૦૯૮ના ચાલક સ્થળ ઉપરથી મોટર સાયકલ દોડાવીને જતા રહેલા. ત્યારપછી તેઓ અને તેમના બનેવી નટવરભાઈ ઉર્ફે નાનાભાઈ બેગડીયાએ બન્ને જણાઓને વાડમાંથી જીગરભાઈ અને દામાભાઈને બહાર નિકાળેલા. ત્યારપછી તેઓએ ફાંગણાભાઈ કાન્તીભાઈને બુમ પાડીને બોલાવેલા. થોડીવાર પછી દિનેશભાઈ નાણાભાઈ મો.સા. લઈને આવેલ અને જીગરભાઈને તેમના મો.સા. પર બેસાડી લઈ ગયેલ. ત્યારપછી તેઓએ પોલીસને બોલાવીને દામાભાઈ પોલીસના હવાલે કરેલ. આ બનાવ વખતે

ટકકર થયા પછી ત્રીજુ મો.સા. પણ આવેલુ હતુ પણ આ ત્રીજા મો.સા.થી કોઇ બનાવ બનેલ નથી. જીગરભાઇ સકાભાઇનુ બીજુ નામ શુ છે તેની તેઓને ખબર નથી. આ અકસ્માત બન્ને મોટર સાયકલના ચાલકોની ભુલના કારણે બનેલો. બન્ને મો.સા.ના ચાલકો દારુ પીધેલ હાલતમાં હતા. તેઓએ વાડમાં ઘુસી ગયેલ બે વ્યકિતઓને બહાર કાઢયા ત્યારે આ બન્ને જણા પીધેલ હાલતમાં હતા. આ બનાવ તેઓએ નજરે જોયેલો અને બન્ને મો.સા.ના ચાલકો ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે મો.સા. ચલાવતા હતા. બન્ને આરોપીઓને તેઓએ ઓળખી બતાવેલ છે.

આરોપીઓ તરફેની ઉલટતપાસમાં આ સાહેદે અકસ્માત સમયે તેમની હાજર ન હતી તેનો ઇન્કાર કરેલ છે. દામાભાઇ નામના વ્યકિતને સ્થળ ઉપર બેસાડી રાખેલો તેવુ તેમને પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી તેનો તેમને ઇન્કાર કરેલ છે. આ વ્યકિતઓ દારુ પીધેલ હાલતમાં હતા અને વાસ આવતી હતી તેવુ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી તેનો પણ ઇન્કાર કરેલ છે, તેમજ જીજે–૦૮– સીકયુ–૧૮૦૫ નંબરના મો.સા. જીગરભાઇની માલીકીનુ હતુ અને તે પોતે તેમનુ બાઇક ચલાવતા હતા અને તેના ધ્વારા અકસ્માત થયેલ નથી તેઓ તેમને ઇન્કાર કરેલ છે. બન્ને બાળકો રોડ ઉપર ધકકામસ્તી કરતા હતા અને અચાનક રોડ ઉપર આવી જતાં અકસ્માત થયેલો તેનો તેમને ઇન્કાર કરેલ છે. અકસ્માત માત્ર મો.સા. નંબર– ૮૩૩૫ થી જ થયેલો પરંતુ તેઓ ૧૦૯૮ નંબરના બાઇકને ખોટી રીતે સંડોવેલ છે તેનો ઇન્કાર કરેલ છે.

આમ, આ સાહેદની જુબાની જોતાં આ કામના આરોપીઓએ પુરઝડપે અને બેદરકારીથી ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે બે છોકરાઓના મોત નિપજાવેલ અને તે આ સાહેદે નજરે જોયેલ તેમ જણાવેલ છે.

(૮.૮) ફરીયાદપક્ષે આ કામે આંક– ૨૦ થી સાહેદ કાળુભાઇ પ્રતાપભાઇ પારઘીને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તેમને નજરે જોયેલ નથી. બનાવ સમયે તેઓ બામોદ્રા ગામ તરફ આવી ગયેલ હતા. બનાવના સમયે તેઓ મો.સા. પરથી

બેસીને હડાદથી નિકળી ખંઢોરઉંબરી તરફ જતા હતા. તેઓના મો.સા. નં. જીજે– ૩૧– ૧૦૯૮ હતા. સીરીજની તેમને ખબર નથી. તેઓના મો.સા. ઉપર તેઓ એકલા જ બેઠેલ હતા. તેઓની પાછળ હિતેશભાઇ પારઘી મો.સા. ચલાવીને આવતા હતા. જે મો.સા.નો નં. જીજે–૦૮–૧૮૦૫ હતો અને તેઓના પાછળ દિનેશભાઇ પારઘી મો.સા. લઇને આવતા હતા અને દિનેશભાઇની સાથે જીતુભાઇ દામા હતા. દિનેશભાઇ જે મો.સા. પર આવતા હતા તેના નંબરની તેમને ખબર નથી. દિનેશભાઇ જે મો.સા. પર આવતા હતા તે મો.સા. દિનેશભાઇ ચલાવતા હતા તેમને વાતોથી જાણવા મળેલ કે દિનેશભાઇ જે મોટર સાયકલ પર આવતા હતા તેનાથી તે અકસ્માત થયેલો. અકસ્માતમાં કોને ઇજા થયેલી તેની તેઓને ખબર નથી. કોર્ટ રુમમાં હાજર દિનેશભાઇ નાનાભાઇ પારઘી અને જીગરભાઇ સકાભાઇ પારઘી હાજર છે. અકસ્માત કંઇ રીતે થયો તેની તેમને ખબર નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં આ સાહેદે કબુલ રાખેલ છે કે, અકસ્માત થયેલો ત્યારે દિનેશભાઇના સાથે જીતુભાઇ હતા. દિનેશભાઇથી અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓએ નજરે જોયેલ નથી.

આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને બનાવ નજરે જોયેલ નથી તેમજ વાતોવાતથી સાંભળેલ છે તેથી તેમની જુબાની ઉપર વિશ્વાસ રાખી શકાય તેમ નથી.

(૮.૯) ફરીયાદપક્ષે આ કામે આંક– ૨૧ થી સાહેદ જીતુભાઇ રતાભાઇ દામાને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ મોટર સાયકલ પર બેસીને જતા હતા ત્યારે તેઓને અકસ્માત થયેલો. તેઓનુ મો.સા. દિનેશભાઇ નાનાભાઇ ચલાવતા હતા અને તેઓ મો.સા. ની પાછળ બેઠેલ હતા. તેઓ જણાવેલ છે કે **''અમે મોટર સાયકલ લઇને જતા હતા ત્યારે બે નાના છોકરાઓ અડફેટમાં આવી ગયેલા અકસ્માત થયો તે વખતે અમારા મોટર સાયકલની ઝડપ ફાસ્ટ હતી અને અમારા મોટર સાયકલના નંબરની અમને ખબર નથી.''** દિનેશભાઇ મોટર સાયકલ કેમ ફાસ્ટ ચલાવતા હતા તેની તેઓને ખબર નથી. આ અકસ્માતમાં અડફેટમાં આવનાર બન્ને છોકરાઓનુ અવસાન થયેલુ. અકસ્માત થતાં તેઓ પણ નીચે

પડી ગયેલા, તેઓને શરીરના ભાગે બેઠો માર વાગેલો. દિનેશભાઇને કયા ઈજા થયેલી તેની તેમને ખબર નથી. આરોપીઓ દિનેશભાઇ નાનાભાઈ અને જીગરભાઇ હાજર છે તેમ તેમની જુબાનીમાં જણાવેલ છે. જીગરભાઇએ તેમનુ મોટર સાયકલ ચલાવીને તેમની સાથે આવતા હતા. જીગરભાઇના મોટર સાયકલ ઉપર બીજા એક ભાઈ બેઠેલ હતા તેમના નામની તેઓને ખબર નથી. જીગરભાઇના મો.સા.ના નંબરની પણ ખબર નથી. જીગરભાઈ પણ ઝડપથી મો.સા. ચલાવતા હતા. અકસ્માત જીગરભાઇની ભુલના કારણે થયેલો. જીગરભાઈ તેમનુ મો.સા. તેમની મોટરસાયકલની આગળ નાખી દિધેલ એટલે દિનેશભાઇનુ મોટર સાયકલ સાઇડમાં નાખી દિધેલુ એટલે અકસ્માત થયેલ. બન્ને આરોપીઓને આ સાહેદે કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

આ સાહેદે તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓ અને દિનેશભાઇ બન્ને બાઇક લઇને આવતા હતા તે બાઇકથી બન્ને છોકરારઓને ટકકર વાગેલી. તેઓના બાઇક નંબર– ૮૩૩૫ છે તેઓ પાસે લાયસન્સ નથી. હડાદ પોલીસ સ્ટેશને ગુનાના કામે કબજે કરેલ છે જે હાલ પણ પોલીસ સ્ટેશનમાં પડેલ છે. દિનેશભાઇનુ બાઇક ૧૦૯૮ નંબરનુ છે અને જીગરભાઈનુ બાઇક ૧૮૦૫ નંબરનુ છે. તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે જીગરભાઇ તેમને અકસ્માત થયેલુ ત્યારે જીગરભાઈનુ બાઇક આગળ જતુ રહેલુ.

આમ, આ સાહેદની જુબાની જોતાં તેઓ આરોપી દિનેશભાઇના બાઇકની પાછળ બેઠેલ હતા. બાઇકની ઝડપ વધારે હતી જેના કારણે અકસ્માત થયેલ છે અને અકસ્માતમાં અડફેટે આવનાર બન્ને છોકરાઓનુ અવસાન થયેલ છે.

**(૮.૧૦)** ફરીયાદપક્ષે આ કામે આંક– ૨૨ થી ત.ક.અ.સાહેદ વિઠ્ઠલભાઇ રાઘવભાઈ મકવાણાને તપાસવામાં આવેલ છે. તેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે. તેઓએ અકસ્માતમાં મરણજનાર અશ્વિનભાઇ મનુભાઇ અને નિકુંજકુમાર ફાંગણાભાઇના મૃત શરીરનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ અને પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. બનાવ સ્થળ પર એક

બજાજ પલ્સર મોટર સાયકલ તુટેલ હાલતમાં પડેલુ હતુ. અકસ્માતમાં સંડોવાયેલ બન્ને મોટર સાયકલના યાંત્રીક ચકાસણી રીપોર્ટ તેઓએ આંક– ૨૩ અને ૨૪ થી રજુ કરેલ છે. મરણ જનારનુ પી.એમ. કરાવી પી.એમ. રીપોર્ટ આ કામે મેળવી આંક– ૧૫ અને ૧૬ થી રજુ કરેલ છે. આરોપીઓ જીગરભાઇ સકાભાઇ પારઘી અને દિનેશભાઇ નાનાભાઇ પારઘી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતાં ચાર્જશીટ કરેલ.

આરોપી તરફેની ઉલટતપાસમાં આ સાહેદે કબુલ રાખેલ છે કે, ગુનાવાળી જગ્યાના પંચનામામાં જીજે–૨૨– જે– ૮૩૩૫ નંબરના બાઇકનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, કિરણભાઇ સંગ્રામભાઇ ડાભી અને નાનાભાઇ કાન્તીભાઇ બેગડીય બન્ને જણાનો ફરીયાદમાં સાક્ષી તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમજ આરોપી તરફે સાહેદોના નિવેદનો અને તેમની જુબાનીમાં કોન્ટ્રાડીકશન/ ઓમીશન અંગે આ સાહેદની ઉલટતપાસમાં પુછવામાં આવેલ છે. પરંતુ આ સાક્ષીની સમગ્ર જુબાની જોવામાં આવે તો તેમને કરેલ તપાસ અને લીધેલ પુરાવા જોતાં હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ કરેલાનુ જણાય છે.

(૯) આ કામના આરોપી નં.૧ નાએ આંક–૩૪ થી તેઓની સોગંદ ઉપર જુબાની આપેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓનુ મુળ ગામ ખંડોરઉંબરી છે. તેઓ યામાહા એમટી–૧૫ રજી. નં. જીજે–૮– સીકયુ– ૧૮૦૫ નંબર વાળી બાઇક તેમની માલીકીની ધરાવે છે. સને. ૨૦૨૨ માં નવરાત્રીના સમયે નવુ બાઇક તેમના નામ ઉપર લીધેલુ. બાઇક ચલાવવા માટે તેઓ લાયસન્સ ધરાવે છે જેની નકલ આંક– ૩૦ થી રજુ કરેલ છે. બાઇકની આર.સી.બુક આંક– ૨૯ થી અને બાઇકનો વીમો આંક– ૩૧ થી રજુ કરેલ છે. તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજની ફરીયાદ તેઓ વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ છે. તેઓના બાઇકથી ફરીયાદ સબંધે કોઇ અકસ્માત થયેલ નથી. તેઓ કોઇનુ બાઇક ચલાવતા હોય અને અકસ્માત થયો હોય તેવુ બનેલ નથી. ફરીયાદમાં તેઓને ફરીયાદીએ ૧૦૯૮ વાળુ બાઇક ચલાવતા બતાવેલ છે તે ખોટી વાત છે. અકસ્માતવાળુ બાઇક બામોદ્રાનુ હતુ કોણે

અકસ્માત કરેલ તેની તેઓને ખબર નથી.

વિ. એ.પી.પી. તરફે થયેલ ઉલટતપાસમાં આ સાહેદે દિનેશભાઇ નાનાભાઇને ઓળખે છે અને તે તેમના કાકાનો દિકરો છે તેમ જણાવેલ છે. તેઓએ આંક- ૩૦ થી રજુ કરેલ તેઓનુ પાકુ લાયસન્સ તા.૧૪/૨/૨૦૨૩ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ છે અને બનાવ તા.૧૭/૧૨/ ૨૦૨૨ ના રોજ બનેલ છે. અકસ્માતમાં દિનેશભાઇ નાનાભાઇ પારઘી અને જીતુભાઇને ઇજા થયેલી હતી. તેઓ અકસ્માત સ્થળે પહોચ્યા ત્યારે દિનેશભાઇ દોડીને તેમના મો.સા.ની પાછળ બેસી ગયેલો. ત્યારપછી બે જણા સ્થળ ઉપરથી નિકળી ગયેલ. વધુમાં એ હકીકત કબુલ રાખે છે કે તેઓએ અકસ્માતના બનાવ વિશે દિનેશભાઇને કોઇ જ પુછપરછ કરેલી નથી. બનાવના સમયે ઇજા પામનાર જીતુભાઇ બનાવના સ્થળે જ બેઠો હતો. આ જીતુને નવાવાસકાંટ ગામના લોકોએ માર મારેલો.

આમ, આ સાહેદની જુબાની જોતાં તેઓ સત્ય હકીકતો છુપાવતા હોવાનુ સ્પષ્ટ જણાઇ આવે છે કારણ કે ફરીયાદપક્ષના અકસ્માત નજરે જોનાર બે સાહેદોએ હાલના આરોપીએ અકસ્માત કરીને સાહેદનુ મૃત્યુ નિપજાવેલાની હકીકત સ્પષ્ટરીતે જણાવેલ છે. જયારે આ સાહેદ તેઓ તેમના વિરૂધ્ધની હકીકતનો સ્વીકાર ન કરે તે સ્વાભાવિક છે.

**(૧૦)** આમ, આ કામે સમગ્ર પુરાવાનુ વિશ્લેષણ કરતાં ફરીયાદપક્ષે લીધેલ પુરાવામાં બાઇક ચાલકો અંગે થોડો વિરોધાભાસ આવે છે, પરંતુ આરોપી નં.૧ અને ૨ નાઓએ પુરઝડપે અને ગફલતભરીરીતે વાહન ચલાવીને મરણ જનાર બે બાળકોને તેમના બેદરકારીભર્યા કૃત્યના કારણે અવસાન થયાનુ આ કેસના બે નજરે જોનાર સાહેદો અને અકસ્માત સમયે આ બનાવમાં સંડોવાયેલ વાહન એટલે કે બાઇક ઉપર પાછળ બેઠેલ સાહેદ જીતુભાઇ રતાભાઇ દામાએ પણ કબુલ રાખેલ છે કે બાઇકની સ્પીડ વધારે હોવાના કારણે બે નાના છોકરાઓને અડફેટે લીધેલ અને તેઓનુ અવસાન થયેલુ. આમ આરોપીઓના પુરઝડપે અને બેદરકારીભર્યા વાહન ચલાવવાના કારણે બે બાળ સાહેદો કે જેમની ઉંમર નવ અને દશ વર્ષની હતી તેવા નિર્દોષ બાળકોનો ભોગ લીધેલ છે. જે ખુબ જ ગંભીર કૃત્ય છે. તેમજ બનાવ સમયે

આરોપી નં.૧ વેલીડ ડ્રાઈવીંગ લાઇસન્સ પણ ધરાવતા ન હતા તેવુ રજુ થયેલ પુરાવા પરથી જણાય છે. તેમજ આરોપી નં.૨ પણ લાયસન્સ ધરાવતા ન હતા. આમ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪(અ), તથા એમ. વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧ મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ નિવડેલ છે તેમ મારુ માનવુ છે.

**(૧૧)** આરોપી તરફેના વિ.વકીલશ્રીએ ફરીયાદ મોડી અને ઉપજાવી કાઢેલ છે તેમ તેમની દલીલમાં જણાવેલ છે, પરંતુ ફરીયાદ જોતાં સદરહુ બનાવ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ બપોરનો છે, જયારે ફરીયાદ તે જ દિવસે આપવામાં આવેલ છે, જેથી ફરીયાદ મોડી હોવાનુ ગણી શકાય નહી. તેમજ બનાવ સમયે સાહેદ નાનાભાઇ કાન્તીભાઇ બેગડીયા અને કિરણભાઇ સંગ્રામભાઈ હાજર હતા અને તેઓએ બનાવ નજરે જોયેલ છે જેથી તેઓએ આપેલ જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. આ બન્ને સાહેદોની જુબાનીમાં મોટર સાયકલના નંબર બાબતે અને તે ચલાવવા બાબતે વેરીએશન આવે છે **પરંતુ આરોપી જીગરભાઈ ઉર્ફે હિતેશભાઇ અને દિનેશભાઈ નાણાભાઈ ઉર્ફે નાનાભાઈ પારઘીનાઓએ જે અકસ્માત કરેલ છે તેવી સ્પષ્ટ હકીકત તેઓએ જણાવેલ છે.** જયારે સાહેદ જીતુભાઈ રતાભાઈ દામા જે સાહેદ આરોપીઓના બાઈક ઉપર બેઠેલ હતા અને આ અકસ્માત થયો ત્યારે તેઓને પણ ઈજા થતાં તેઓ સ્થળ ઉપરથી નાશી શકેલ નથી, પરંતુ તેઓ આરોપીની સાથેના વ્યકિત હોય જેથી તેઓને હિત ધરાવતા સાહેદ ગણી શકાય તે સંજોગોમાં તેઓની જુબાની કાળજીપુર્વક ધ્યાને લીધેલ છે.

**(૧૨)** આરોપીઓ સામેનો ગુનો સમન્સ ટ્રાયલ છે જેથી આરોપીઓને સજા અંગે સાંભળવાની જરૂરીયાત રહેતી નથી. આરોપીઓએ બેદરકારીપુર્વક, પુરઝડપે વાહન ચલાવીને ફરીયાદી સાહેદોના નિર્દોષ બાળકોનુ મૃત્યુ નિપજાવેલ છે તે સંજોગોમાં તેઓને કડક સજા કરવી જોઇએ જેથી ભવિષ્યમાં તેવો આ પ્રકારનુ કૃત્ય કરે નહી તેમજ સમાજમાંથી બીજી વ્યકિતઓ પણ આ પ્રકારનુ કૃત્ય કરતા અટકે તે સારુ સમાજમાં દાખલો બેસે તે માટે સજા કરવી જોઇએ અને આ પ્રકારના ગુના અટકે જેથી નિર્દોષ લોકોને અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવવાનો વારો ન આવે અને અકસ્માતમાં જીવ ગુમાવવાથી

તેના પરીવારને દુ:ખ, યાતના અને પીડા પડતી હોય છે જે બાબત અસહય છે. જેથી આરોપીઓની ભુલ અને બેદરારીને ક્ષમા કરી શકાય તેમ ન હોય તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:– : હુકમ :–:**

(૧) આ કામના આરોપીઓ (૧) જીગરભાઇ ઉર્ફે હિતેષભાઇ સકાભાઇ પારઘી તથા (૨) દિનેશભાઇ નાણાભાઇ ઉર્ફે નાનાભાઇ પારઘી, બન્ને રહે. ખંઢોર ઉંબરી, તા.દાંતા, જિ. બનાસકાંઠાવાળાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૫૫ (૨) હેઠળ **ઇ.પી.કો. કલમ– ૨૭૯** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **છ માસ**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ (૧) જીગરભાઇ ઉર્ફે હિતેષભાઇ સકાભાઇ પારઘી તથા (૨) દિનેશભાઇ નાણાભાઇ ઉર્ફે નાનાભાઇ પારઘી, બન્ને રહે. ખંઢોર ઉંબરી, તા.દાંતા, જિ. બનાસકાંઠાવાળાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૫૫ (૨) હેઠળ **ઇ.પી.કો. કલમ– ૩૦૪(અ)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **બે વર્ષની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓ (૧) જીગરભાઇ ઉર્ફે હિતેષભાઇ સકાભાઇ પારઘી તથા (૨) દિનેશભાઇ નાણાભાઇ ઉર્ફે નાનાભાઇ પારઘી, બન્ને રહે. ખંઢોર ઉંબરી, તા.દાંતા, જિ. બનાસકાંઠાવાળાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ– ૨૫૫ (૧) હેઠળ **મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧** મુજબના ગુનામાં અલગથી સજા કરવાની રહેતી નથી. જેથી **મોટર વ્હીકલ એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧** મુજબના ગુનામાંથી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપીઓને કરવામાં આવેલ સજા એક સાથે ભોગવવાની રહેશે.

(૫) સી.આર.પી.સી.ની કલમ– ૩૬૩(૧) મુજબ તાત્કાલીક આરોપીઓને આ ઠરાવની નકલ પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા.૭મી, માહે એપ્રિલ, સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૭/૪/૨૦૨૬ (અરવિંદ સરદારસિંહ પટેલ)
સ્થળ :– દાંતા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, દાંતા
(કોડ નં. જી.જે.૦૧૦૩૯)